સચિવાલય, ગાંધીનગર.
તા. 27 JUN 1996

પ્રતિ,

મંત્રીશ્રી,
શ્રી નવચેતન એજ્યુકેશન સોસાયટી,
વાલીયા, મુ.પો.વાલીયા,
જી.ભરુચ.

વિષય-જૂન-૯૪ થી શરુ થતી નવી કોલેજના જોડાણ અંગે
શ્રી રંગ નવચેતન મહીલા મહાવિદ્યાલય, વાલીયા
જી.ભરુચ.

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વેના આપના તા.૧૩-૭-'૯૫ ના પત્ર ક્રમાંક:૯૪-૯ ના અનુસંધાને જણાવવાનું કે, શ્રી રંગ નવચેતન ~~શ્રી~~ મહીલા મહાવિદ્યાલય, વાલીયા કોલેજને ~~નવી વિનયન કોલેજને~~ વિનયન વિદ્યા શાખાના, એફ.વાય.બી.એ. (૧) અંગ્રેજી અથવા ગુજરાતી અથવા હિન્દી (૨) ઈન્ટર ડીસીપ્લીનરી વિષય (૩) સંસ્કૃત. મુખ્ય વિષય (૧) ગુજરાતી (૨) અર્થશાસ્ત્ર (૩) હિન્દી (૪)ગૃહવિજ્ઞાન ગૌણ વિષય (૧) ગુજરાતી (૨) હિન્દી (૩) અર્થશાસ્ત્ર (૪) સંસ્કૃત (૫)મનો-વિજ્ઞાન (૬) ગૃહ વિજ્ઞાનના અભ્યાસક્રમોને જૂન-૯૬ થી શરુ કરવા અંગે આપની સંસ્થાએ રજૂ કરેલ તા.૨૭-૩-'૯૬ ના લેખીત સોગંદનામા અનુસાર સદર અભ્યાસક્રમ ચલાવવા નીચેની શરતોએ સરકારશ્રીની સૈધ્ધાંતિક પૂર્વ મંજૂરી આપવામાં આવે છે.

૧) સદર કોલેજને પ્રવર્તમાન નિયમોનુસાર જોડાણ મંજૂર કર્યાથી પાંચ વર્ષ સુધી સરકારશ્રી તરફથી કોઈપણ પ્રકારનુ અનુદાન આપવામાં આવશે નહી અને તે અંગેની કોઈપણ માંગણી સંસ્થા તરફથી કરવામાં આવશે નહી અને ઉપરોક્ત સમયગાળા દરમ્યાન કોલેજનુ સમગ્ર સંચાલન સંસ્થાએ પોતાના સ્વભંડોળમાંથી કરવાનુ રહેશે.

૨) સંસ્થા તથા યુનિવર્સિટીના કુલસચિવશ્રીના સંયુકત નામે રાષ્ટ્રીયકૃત બેન્ક અથવા નર્મદાશ્રીનીધિ યોજનામાં રૂા.૬ લાખ પાંચ વર્ષ સુધી ડીપોઝીટ મુકવાના રહેશે.

૩) રાજય સરકારે તથા યુનિવર્સિટી વખતોવખત જે નિયમો મુકે તેનુ કોલેજ યથાર્થ પરિપાલન કરવાનુ રહેશે.

૪) યુનિવર્સિટી તરફથી ~~યથાર્થ~~ શરત પરિપાલનનો અહેવાલ મળે ત્યારબાદ જ જોડાણ અંગેની વિચારણા કરવામાં આવશે.

આપનો વિશ્વાસુ,

(આઈ.એમ. કુરેશી)
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ

નકલ રવાના:-
૧) કુલસચિવશ્રી, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત
૨) ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.